સ્વામિશ્રીજી

# શ્રી ઠાકોરજી મહારાજને મહાપૂજામાં પ્રાર્થના

ઈ.સ. ૨૦૨૬ નૂતન વર્ષ આરંભ
ગુરુવાર, ૦૧ જાન્યુઆરી

**હે શ્રી સ્વામિનારાયણ ભગવાન ! શ્રી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ !**
**હે શ્રી મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી મહારાજ !**
**હે શ્રી અનાદિ મહામુક્તરાજ ગોપાળાનંદ સ્વામી મહારાજ !**
**શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના તત્ત્વધારક સર્વ ગુણાતીત સંતો !**
**હે રિદ્ધિ-સિદ્ધિ દાતા વિનાયક શ્રી ગણપતિ દેવ મહારાજ !**
**હે સર્વ રક્ષક કષ્ટભંજન શ્રી હનુમાનજી દેવ મહારાજ !**
**હે પ્રગટ ગુરુહરિ શ્રી સંતભગવંત સાહેબજી મહારાજ !**




આજે નૂતન વર્ષ ઈ.સ. ૨૦૨૬ના પ્રથમ દિવસે ભારતની પુણ્યભૂમિ પર સ્થિત, ગુરુહરિદેવ શ્રી યોગીજી મહારાજનાં પાદપંકજથી તીર્થત્વ પામેલી આ તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં હે પ્રભુ ! આપના મંદિરજીના 'અક્ષરમહોલ'માં આપના પ્રગટ દિવ્ય દર્શનના સાંનિધ્યમાં આપની આ મહાપૂજારૂપી સેવા-ભક્તિ અને ભાવ અર્પણ કરવાનાં, તે દર્શન કરવાનાં ધન્ય ભાગ્ય અમને સૌને પ્રાપ્ત થઈ રહ્યાં છે તે આપની જ અપાર કૃપાનાં સુફળ છે.

**હે દયાળુ પ્રભુ !**

વિક્રમ સંવત ૨૦૮૨, ઈ.સ. ૨૦૨૬નું આ મંગલમય વર્ષ ઐતિહાસિક, આધ્યાત્મિક માનવ ઉત્થાનપ્રદ દિવ્ય મહાઆરંભોનાં ત્રિવેણી પર્વ સંગમનું વર્ષ છે.

આ પૃથ્વી પર પ્રભુના કાર્યને વહેતું રાખવા પ્રગટ અનુપમ મિશનના પ્રાદુર્ભાવનું આ ગૌરવવંતું સુવર્ણ જયંતી વર્ષ છે.

યુગવિભૂતિ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિદેવ યોગીજી મહારાજે આ પૃથ્વી પર ભગવાં હૃદયના સાધુ અને પરમ સાધુતા ઘડતરના સંકલ્પ દ્વારા ગુરુહરિ સાહેબજી અને તેઓ સાથેના અષ્ટ દિવ્ય યુવામિત્રોને મંત્રદીક્ષા આપી સંન્યાસ અને ગુણાતીત સાધુતાના નૂતન આયામ પ્રશસ્ત કર્યા તે મહા દિવ્ય આરંભની હીરક જયંતીનું આ વર્ષ છે.

**હે પ્રભુ !** આપનાં જ સર્વ કર્તાપણાંની સર્વોપરી શક્તિ અને મરજીથી સંતો, સંત બહેનો, ભગવાં હૃદયના વ્રતધારી યુવાઓ અને એકાંતિક ગૃહસ્થોના સર્વપ્રથમ એવા આધ્યાત્મિક સમાજ-ગુણાતીત સમાજની સ્થાપનાનું પણ આ હીરક જયંતી વર્ષ છે.

**હે મહારાજ ! હે સ્વામી ! હે પ્રભુનાં દિવ્ય સ્વરૂપો !**
**હે ગુરુહરિદેવ યોગીજી મહારાજ !**

ઉપરોક્ત ત્રણેય મહા આરંભ એ કોઈ સામાન્ય નહીં; પરંતુ, પૃથ્વીના આ ધરાતલ પર આધ્યાત્મિક ઉત્ક્રાંતિના મહા આરંભ છે તે વાતની પ્રતીતિ આપની જ કૃપાથી નિત્ય થઈ રહી છે !

**હે પ્રભુ ! હે ગુરુહરિ સાહેબજી ! હે સર્વ ગુણાતીત સંતો !**

આજે નૂતન વર્ષ ૨૦૨૬ના પ્રથમ દિવસે અને મહાપર્વ ત્રિવેણી સંગમના આરંભે આપને ગદ્‌ગદભાવે પ્રાર્થના છે કે પ્રગટ ગુરુહરિ સાહેબજીની મરજી અને આજ્ઞા અમારાં જીવન બનો !

સમગ્ર ગુણાતીત સમાજ અને બૃહદ સ્વામિનારાયણ સત્સંગમાં સંપ, સુહૃદભાવ અને એકતા વિશેષ દૃઢ થાઓ !

**હે પ્રભુ ! હે શ્રી સ્વામિનારાયણ મહારાજ !**

આપના સર્વોપરીપણાનો ઉત્તમ એવો નિર્વિકલ્પ નિશ્ચય થાઓ ! આપના અને પ્રગટ ગુરુહરિ સાહેબજીના અંતરના રાજીપાને પ્રાપ્ત કરવા અમારાં જીવન આચરણમાં પાંચ વર્તમાન, અગિયાર નિયમ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના સહજ બનો તેવી ગદ્‌ગદભાવે પ્રાર્થના સાથે મહામંત્ર ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન-જપ કરીએ છીએ ! ◆

સ્વા.શ્રી...
~ સાધુ મનોજદાસ